# <u>બાલ ઊર્જા રક્ષકદળ-૨૦૦૯-૧૦</u>

## *હરિયાળી ઊર્જાની ઉજવણી*

આ વર્ષે ઊર્જા અને પર્યાવરણને સાંકળી લઇ ભારતીય તહેવારોને હરિયાળી ઊર્જાની ઉજવણી રૂપે બાલ ઊર્જા રક્ષક દળ કાર્યક્રમમાં સાંકળી લેવામાં આવ્યા છે. બર્ડ કાર્યક્રમની કાર્યયોજનામાં 'હરી ઊર્જા, હરિયાળી ધરતી'ની ઝુંબેશ આવરી લેવાતાં જે તે તહેવારના રીતિરિવાજોની પ્રતીકાત્મક ઉજવણીથી હકારત્મક લાગણીઓ અને મૂલ્યો વધુ ભારપૂર્વક સમાજ સમક્ષ મૂકી શકાય છે.

- ❖ રક્ષાબંધનઃ (ભાઇ-બહેનના હેતનું ગઠન) વૃક્ષની ફરતે રક્ષાની દોરી બાંધી, વૃક્ષો બચાવવાની પ્રતિજ્ઞા લઇ રક્ષાબંધનના તહેવારોની ઉજવણી કરવામાં આવે છે. આમ બર્ડ કાર્યક્રમ અંતર્ગત રક્ષાબંધન વૃક્ષબંધન (માનવજાતિ અને વનસ્પતિ વચ્ચેના પ્રેમનું બંધન) બની જાય છે.
- ❖ ગણેશોત્સવઃ (ગણપતિ ઉત્સવ) ઊર્જા રક્ષકો ગણેશોત્સવમાં સામાન્યતયા પ્રચલિત પ્લાસ્ટર ઓફ પેરિસની મોટી મોટી મૂર્તિઓની જગ્યાએ પુનરૂપયોગ કરી શકાય તેવી સામગ્રીની ગણેશજીની નાની મૂર્તિની પ્રતિષ્ઠા કરશે અને તેનું વિસર્જન તળાવમાં કરવાને બદલે ઘરે ડોલમાં જ કરશે, જેથી તળાવનું પાણી પણ પ્રદૂષિત થતું અટકે.
- ❖ જન્માષ્ટમીઃ (કૃષ્ણજન્મ) મટકીફોડની કૃષ્ણલીલામાં પ્રતીકાત્મક રીતે માટીના વાસણરૂપ પૃથ્વીને ફોડવાની પ્રવૃત્તિ થકી પૃથ્વીમાં વ્યાપી વળેલ અંગારવાયુના આવરણને કારણે પૃથ્વીનું અસ્તિત્વ જોખમમાં છે તેની સમજ લોકોને આપવી.
- ❖ સંવત્સરીઃ (ક્ષમાપના પર ભાર મૂકતો જૈન તહેવાર) ઊર્જારક્ષકો પૃથ્વી અને અન્ય કુદરતી સંપદાને હાનિકારક પ્રવૃત્તિ કે વિચારો માટે મા ધરતીની ક્ષમા યાચશે અને ભવિષ્યમાં એ દિશામાં કોઇ અઘટિત કામ ન થાય તે માટે પ્રતિજ્ઞા લેશે.
- ❖ દીવાળીઃ (દીપોત્સવી) દીવાળી આવતાં લોકો ઘરની સાફ-સફાઇ કરી, નકામી જણાતી સામગ્રીનો નિકાલ કરે છે. ઊર્જારક્ષકો દરેક વસ્તુની ખરીદી પહેલા તેની જરૂરીયાત અંગે વિચારી, વસ્તુને પુનઃ પુનઃ વાપરી શકાય તે રીતે વસ્તુની પસંદગી કરી દીવાળીની ઉજવણી કરશે.

- નાતાલઃ (ઇસુખ્રિસ્તના જન્મદિવસની ઉજવણીનો ખ્રિસ્તી લોકોનો તહેવાર) નાતાલ પર્વ નિમિત્તે ઊર્જારક્ષકો પડોશના ઘરોમાં જઇ નાતાલના પ્રાર્થનાગીતની જેમ ઊર્જાગીતોનું ગુંજન કરશે.
- રમજાનઃ (મુસલમાનોનો પવિત્ર માસ) મુસલમાનો આ મહિના દરમિયાન દિવસભર ઉપવાસ કરી અલ્લાહની ઉપાસના કરે છે અને એ રીતે આત્માની ઉન્નતિ માટે પ્રયત્નશીલ રહે છે. ઊર્જારક્ષકો આ મહિના દરમિયાન પ્લાસ્ટિક નહીં વાપરવાની પ્રતિજ્ઞાનું ચુસ્ત પાલન કરી સ્વચ્છ પર્યાવરણ માટે પોતાનું યોગદાન આપશે.
- ઉત્તરાયણઃ (પતંગોત્સવ) ઊર્જારક્ષકો આ દિવસે પતંગ ચગાવવાની સાથે સાથે સૂર્યકૂકરમાં ઊંધિયું બનાવી સૂરજ, પવન જેવા વૈકલ્પિક ઊર્જાસ્રોતોના ઉપયોગને પ્રચલિત કરશે.
- હોળીઃ (હોલિકાદહન) અનિષ્ટ પર ઇષ્ટના વિજયને વધાવતા આ તહેવારની ઉજવણીમાં ઊર્જારક્ષકો ઊર્જાકટોકટીની તારણહાર હરિયાળી ઊર્જાની ઉજવણી કરશે.